# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૧૫ તા.૨૧-૦૨-૨૦૨૪**

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડનો વાર્ષિક રમતોત્સવ ઉજવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું શારીરિક-માનસિક આરોગ્ય સારૂ રહે, વિદ્યાર્થીઓ અને શિક્ષકો રમત-ગમત પ્રત્યે રૂચિ કેળવે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા આગામી સમયમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો રમતોત્સવ કરવા જઈ રહ્યુ છે. નીચે દર્શાવેલ રમતોત્સવની વિગતો મુજબ શાળા કક્ષા અને ઝોન કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

## વિભાગ-એ સાંઘિક રમતો

કુમાર માટે

| ક્રમ | રમતનું નામ | ધોરણ | ભાગ લેનારની સંખ્યા | ઝોનદીઠ ટુકડી | કુલ સ્પર્ધકો |
|---|---|---|---|---|---|
| ૧ | લંગડી | ધો. ૫ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |
| ૨ | કબડ્ડી | ધો. ૬ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |
| ૩ | વોલીબોલ | ધો. ૬ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |

કન્યા માટે

| ક્રમ | રમતનું નામ | ધોરણ | ભાગ લેનારની સંખ્યા | ઝોનદીઠ ટુકડી | કુલ સ્પર્ધકો |
|---|---|---|---|---|---|
| ૧ | લંગડી | ધો. ૫ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |
| ૨ | કબડ્ડી | ધો. ૬ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |
| ૩ | વોલીબોલ | ધો. ૬ થી ૮ | ૧૨ | ૧ | ૧૪૪ |

પુરુષ શિક્ષકો માટે

| ક્રમ | રમતનું નામ | ભાગ લેનારની સંખ્યા | ઝોનદીઠ ટુકડી | કુલ સ્પર્ધકો |
|---|---|---|---|---|
| ૧ | વોલીબોલ | ૧૨ | ૧ | ૧૪૪ |

સ્ત્રી શિક્ષકો માટે

| ક્રમ | રમતનું નામ | ભાગ લેનારની સંખ્યા | ઝોનદીઠ ટુકડી | કુલ સ્પર્ધકો |
|---|---|---|---|---|
| ૧ | વોલીબોલ | ૧૨ | ૧ | ૧૪૪ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## વિભાગ-બી એથ્લેટિક્સ (કુમાર કન્યા)

| ક્રમ | રમતનું નામ | ધોરણ | ભાગ લેનારની સંખ્યા | ઝોનદીઠ ટુકડી | કુલ સ્પર્ધકો |
|---|---|---|---|---|---|
| ૧ | લાંબીકૂદ | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૨ | ઊંચી કૂદ | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૩ | સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ | ૩ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૪ | ગોળાફેંક | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૫ | ચક્રફેંક | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૬ | લીંબુ ચમચી | ૩ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૭ | દોરડા કૂદ | ૩ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૮ | વોલીબોલ ફેંક | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૯ | કોથળા દોડ | ૩ થી ૮ | ૧ | ૨ | ૨૪ |
| ૧૦ | સ્કેટીંગ | ૬ થી ૮ | ૧ | ૨ | ૨૪ |

સ્પર્ધા માટેના નિયમોઃ-

૧. શાળાકક્ષાનો રમતોત્સવ તા.૨૩-૦૨-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.

૨. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા બાળકો અને ફરજ બજાવતા શિક્ષકો જ ભાગ લઈ શકશે.

૩. સ્પર્ધા માટે પસંદ થયેલ વિદ્યાર્થીના વાલીની લેખિત સંમતિ મેળવવાની રહેશે.

૪. સૌપ્રથમ શાળા કક્ષાએ કરવી ત્યારબાદ ઝોન કક્ષાની સ્પર્ધા કરવી.

૫. વોલીબોલમાં સ્પર્ધા શૂટિંગના નિયમોથી રમાડવામાં આવશે.

૬. પ્રથમ ૩ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

૭. સ્પર્ધાના દિવસે એલિસબ્રિજ શાળા નં.૧૭ ખાતે ૭.૦૦ વાગે તમામ સ્પર્ધકોએ ઉપસ્થિત થવાનું રહેશે.

૮. નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે.

તા.૨૧-૦૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી